## પ્રેમે કરો બાર પર્વ આરાધના



# ચૌમાસી પર્વ


પ્રેરક : શ્રી પ્રેમ ગુરુ કૃપાપાત્ર શિષ્યરત્ન પ.પૂ.આ.ભ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.

પ્રકાશક

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ - શંખેશ્વર



શ્રી જીરાવલાપાર્શ્વનાથ ભગવાન



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભક્તિપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભગવતી સરસ્વત્યૈ નમઃ

॥ શ્રી જીરાવલા-શંખેશ્વર-ભક્તિ પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધરાય નમઃ ॥
॥ શ્રી ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધ ગુરુભ્યો નમઃ ॥

# પ્રેમે કરો

# બાર પર્વ આરાધના

## ચોમાસી પર્વ આરાધના સંગ્રહ


પ્રેરક : તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદના પ્રેરક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્ય રત્ન પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી રત્નશેખર વિજયજી ગણિવર (પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

સંપાદક : પ.પૂ. મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા.




ઉપયોગ :- પ્રભુભક્તિ અને સ્વાધ્યાય


• પ્રકાશક •

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ
(શંખેશ્વર)
ફોન : ૦૨૭૩૩-૨૭૩૩૨૫, ૨૭૩૪૪૪.

## • નિમિત્ત •

તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટના પ્રણેતા **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.** ના તપાગચ્છાધિપતિ પદ પાટોત્સવે તથા **૭૫ વર્ષના સંયમ જીવનના હીરક મહોત્સવે અને આચાર્યપદ પ્રદાન મહોત્સવે...**

વૈશાખ સુદ-૧૦ (પ્રથમ)

તા. ૭-૫-૨૦૦૬, રવિવાર


**આવૃતિ** : **પ્રથમ**

**નકલ** : **૧૦૦૦**

**ટાઈપસેટીંગ** : **જૈનમ્ ગ્રાફીક્સ,**
સી-૧૪૧, પહેલા માળે, બી.જી. ટાવર્સ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ.
ફોન : ૨૫૬૨૭૪૬૯.

**પ્રાપ્તિસ્થાન** : **શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર**
**જૈન ટ્રસ્ટ - શંખેશ્વર**

# પ્રસ્તાવના

શ્રી વીતરાગ પરમાત્મા પ્રરૂપિત, સર્વજ્ઞકથિત, તીર્થંકર પ્રભુએ સ્થાપિત આ જૈન શાસનમાં આત્માની ઉન્નતિ, પ્રગતિ, શુદ્ધિ અને સિદ્ધિ માટે બાર પર્વોની સ્થાપના કરવામાં આવેલ છે, પર્વનો અર્થ જ એ થાય છે કે જે પર્વની આરાધના કરવાથી જીવનમાં રાગ-દ્વેષ-કષાયભાવ પાપ, દોષ આદિનું શમન (ક્ષય) થાય અને આત્માને ક્યારેય કોઈપણ ભવમાં આનંદની અનુભૂતિ ન થઈ હોય એવા પ્રકારના આનંદની અનુભૂતિ પર્વ આરાધના દ્વારા શક્ય બને તેનું નામ પર્વ.

જે આરાધે પર્વ તે જીવ કદી ન કરે ગર્વ, જે ન કરે ગર્વ તે જ આરાધી શકે આ બાર પર્વ

જીવનના ક્ષેત્રમાં દોષોનું દહન, કર્મોનું શમન, પાપોનું પક્ષાલન ન થાય ત્યાં સુધી આત્માને શુદ્ધિ-સિદ્ધિ ક્યારેય પ્રાપ્ત થતી નથી, માટે જ પ્રભુએ જુદા-જુદા પર્વોની આરાધના દ્વારા તપ-ત્યાગના ભાવો ખુબ વધે તે જ માટે આ પર્વોના આયોજન કરેલ છે.

**બીજ પર્વ :**

બીજના ચંદ્રમાની પેઠે ખીલતું આત્માનું પુષ્પ સર્વવિરતિ અથવા દેશવિરતિ ધર્મની આરાધના દ્વારા ખીલતો ખીલતો આત્મા પૂર્ણિમાના ચંદ્રની જેમ અખંડ ચંદ્ર બની આત્મા અખંડ આનંદની અનુભૂતિ કરી શકે માટે આ બીજ પર્વની આરાધના કરવાની છે.

**જ્ઞાન પંચમી અને નેમનાથ જન્મકલ્યાણક પર્વ :**

તીર્થંકર પરમાત્માની ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ, નિર્વાણ આ પાંચ કલ્યાણકોની આરાધના દ્વારા આત્માને જ્ઞાનના પાંચ ગુણો જે બતાવવામાં આવ્યા છે તે પ્રાપ્ત થાય છે. મતિ-[illegible]ત અવધિ-મન પર્યવ અને કેવલ આ પાંચ જ્ઞાન તીર્થંકરોની ભક્તિની શક્તિ દ્વારા પ્રાપ્ત થતાં હોય છે. અને મંદ બુદ્ધિ વાળા જીવો જો આ જ્ઞાનપંચમીની આરાધના કરે તો જ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર બને છે. અલ્પ બુદ્ધિ વાળા જીવો પણ જ્ઞાનની પ્રાપ્તિ વાળા થાય છે માટે જ પંચમી પર્વ બતાવવામાં આવેલ છે.

**અષ્ટમીપર્વ :**

મુખ્યત્વે આત્મા સમયે સમયે એક આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મો સતત બાંધે છે, એ આઠે આઠ કર્મોને નષ્ટ કરવા માટે તથા અષ્ટ મહાસિદ્ધિઓના ધારક બનીને આત્મા પરંપરાએ સિદ્ધિદશાને પામી શકે માટે અષ્ટમી પર્વનું વિધાન છે.

**પોષદશમી પર્વ :**

આત્માને તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય અને આ ભવમાં તો અવશ્ય સમાધિમરણની પ્રાપ્તિ કરાવી આપે અને પરંપરાએ સદ્ગતિનો ભોક્તા બનાવે અને ઉત્તરો ઉત્તર મોક્ષસુખના ફળો પ્રાપ્ત કરાવી આપે એવો જો કોઈપણ પર્વ હોય તો એક માત્ર પાર્શ્વ પ્રભુનો જન્મ કલ્યાણક પર્વ કે જે આ અવસર્પિણીકાલમાં પુરૂષાદાનીય તથા પ્રકટ પુણ્યશાળી તથા પ્રબલ આદેય નામ કર્મી તીર્થંકર પરમાત્માનો જન્મ કલ્યાણક સંબંધિ પર્વ એટલે આ પર્વ...

**મૌન એકાદશી પર્વ :**

મૌન રહેવાથી આત્મામાં શક્તિનું એક જબરદસ્ત સંયમ (સંગ્રહ) થાય છે. વર્ષમાં એક દિવસ ઉપવાસ કરીને તથા મૌન રહીને દરેક દરેક ક્રિયાથી અવશ્ય દોઢસો ગણું લાભ આત્માને પ્રાપ્ત થાય અને સાથે સાથે દોઢસો કલ્યાણકોની ઉજવણી સ્વરૂપે દોઢસો ગણી, ભક્તિનો લાભ પણ પ્રાપ્ત થાય એવો જો કોઈપણ પર્વ હોય તે માત્ર આ મૌન એકાદશી પર્વ. (ઉપવાસ એક અને લાભ અનેક)

**ચૈત્રી પૂનમની આરાધના :**

શત્રુંજય પર્વતપર પાંચ ક્રોડ મુનીઓની સાથે મોક્ષ સુખ મેળવનાર એવો કોઈપણ આત્મા હોય તે પુંડરિક સ્વામી ગણધર ભગવંત આ આત્માએ આજના દિને મોક્ષ સુખ પ્રાપ્ત કરેલ એવા આત્માની આરાધના દ્વારા જેમ પૂર્ણિમાનો ચાંદ સોળે કળાએ ખીલે છે ને અખંડ સ્વરૂપને ધારણ કરે છે તેજ રીતે આત્મા આ દિવસે આ પર્વની આરાધના કરે તો અવશ્ય અખંડ આનંદનો રસાસ્વાદને અવશ્ય પામે માટે ચૈત્રી પૂનમ પર્વ બતાવેલ છે.

## ચૌમાસી પર્વ :

ચાર-ચાર માસના ત્રણ વિભાગો અને એમાં પણ ત્રણ અઠાઈઓનું વિધાન.

અષાઢી ચૌમાસ થી કારતક ચોમાસી પર્યંત...૧

કારતક ચૌમાસી થી ફાગણ ચોમાસી પર્યંત... ૨

ફાગણ ચૌમાસી થી અષાઢ ચોમાસી પર્યંત... ૩

આ રીતે ત્રણ ચોમાસી પર્વ બતાવવામાં આવેલ છે. ત્રણેય ચોમાસીમાં ફરજિયાત અઠ્ઠાનો વિધાન છે. આ ત્રણેય ચોમાસીમાં જ બાર પર્વોનો પણ સમાવેશ થાય છે, માટે જ આ ચોમાસી પર્વ મુખ્યત્વે ચારે ચાર ગતિના દુઃખોના નિવારણ માટે તથા ચારેય કષાયો પર વિજયતા મેળવવા માટે આ પર્વની આરાધના કરવામાં આવેલ છે.

## પર્વ પર્યુષણ આરાધના પર્વ :

આ પર્વ બારેય બાર પ્રકારના પર્વોમાં જો કોઈપણ પર્વ પર્વાધિરાજ અથવા પર્વોના સમ્રાટ તરીકેનું કોઈ બિરુદ ધરાવતું હોય તો તે એકમાત્ર આ પર્વ છે. આ પર્વ એટલે ક્ષમાપના મહાપર્વ છે. જીવનમાં જો ક્ષમા ભાવ નથી આવતો તો હજુ પર્વ આરાધના તમારાથી દૂર છે, એ સિદ્ધ થાય છે. દરેકે-દરેકે પર્વ રાગ દ્વેષની ગ્રંથિઓને નિર્મૂલ કરવા તથા જીવનમાં ક્ષમાના પુષ્પો ખીલવવા માટેના છે. માટે જ આ પર્વ મુખ્યત્વે સાંવત્સરિક ક્ષમાપના મહાપર્વ તરીકે પણ પ્રખ્યાત છે.

## નવપદ આરાધના સિદ્ધચક્ર મહાપર્વ :

અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ આ રીતે નવપદજીનું સંકલન છે. આમાં દેવ-ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્વો એટલે તત્ત્વત્રયીનો વિનિયોગ પણ છે. આના મુખ્ય આસો તથા ચૈત્ર માસના દિવસોમાં વિશિષ્ઠ રીતે આરાધના થતી હોય છે, આ દિવસો શાશ્વત દિવસો છે. કારણ આ પર્વની આરાધના દરેકે-દરેક તીર્થંકરોના શાસનમાં ફરજિયાત થતી હોય છે. માટે જ નવપદના દિવસે અખંડ આંકજ તરીકે પણ સિદ્ધ થાય છે અને અખંડ આનંદ આપનારા છે.

## દિવાળી પર્વની આરાધના :

આ અવસર્પિણી કાલના છેલ્લા ૨૪ માં તીર્થંકર પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણક સંબંધિ દિન એટલે દિવાળી પર્વ. પ્રભુ પોતે ભાવ દીવા સમા હતા, પણ નિર્વાણ પામવાથી લોકોએ દ્રવ્ય દિવા પ્રગટ કર્યા, ત્યારથી આ પર્વની શરૂઆત થઈ છે.

આ બારેય બાર પર્વો મુખ્યત્વે તીર્થંકર ભગવંતોએ સ્થાપ્યા છે. આપણાં દરેકે દરેક પર્વોમાં પ્રભુએ તપ-ત્યાગ-સાધના-આરાધના-ઉપાસના ને જ મહત્વ આપ્યું છે. ક્યાંય કોઈપણ પર્વમાં મોજ-શોખ કે એશ આરામની વાત જોવા નથી મળતી. જેમાં તપ-ત્યાગ આરાધના વિ. ના હોય તેને પર્વ પણ ન કહેવાય, માટે આ બારેય પર્વોની આરાધના સારી રીતે કરી શકે તે વસ્તુને ધ્યાનમાં લઈને દરેક જીવો કંઈક કંઈક ધર્મ કરી શકે એજ ધ્યેય થી મારા શિષ્ય મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા. સંપૂર્ણ બારેય પર્વોનો સંપૂર્ણ સાહિત્યનો સંકલન કરી છપાવવા માટે આ પ્રયાસ આદર્યો છે, તે ખરેખર અનુમોદનીય છે. તથા પ્રુફ સંશોધન કરી આપવામાં પ્ર.પૂ.સા.શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી રત્નપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ. સાહેબે પણ સુંદર સહકાર આપેલ છે.

આ પુસ્તકનો સુંદર સદ્‌ઉપયોગ કરી અને બારે બાર પર્વોની આરાધના કરી-કરાવી તમારા આત્માને વધુને વધુ નિર્મલ બનાવી ઉત્તરોત્તર ઉન્નતિના શિખરો સર કરે અને પરંપરાએ શિવસુખનો ભોક્તાબને.

એજ મનોકામના સાથે.....

**શ્રી ૧૦૮ તીર્થ પ્રેરક તપાગચ્છસૂર્ય, ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય રત્ન પંન્યાસપ્રવરશ્રી રત્નશેખર વિજયજી મ.સા.**

**(પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)**

# અનુક્રમણિકા


| નામ | પેજનંબર |
|---|---|
| ❑ ચૌમાસી દેવવંદન, પદમવિજય વિરચિત | ૧ થી ૨૯ |
| ❑ શ્રી જ્ઞાનવિમલસૂરિ કૃત ચોવીશ | ૩૦ થી ૩૭ |
| જિનેશ્વર છંદ | |
| ❑ ચૌદશનું ચૈત્યવંદન | ૩૭ |
| ❑ શ્રી અનંતનાથ જિન ચૈત્યવંદન | ૩૭ |
| ❑ ચૌદશની સ્તુતિ | ૩૭ થી ૩૮ |
| ❑ શ્રી અનંતનાથ જિન સ્તવન | ૩૯ થી ૪૦ |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

## શ્રી પદ્મવિજયજી વિરચિત
## ॥ ચૌમાસી-દેવવંદન ॥
### પ્રથમતીર્થપતિ શ્રીઆદિજિન દેવવંદન્,

**ચૈત્યવંદન**-વિમલ કેવલજ્ઞાન કમલા, કલિત ત્રિભુ. વન હિતકરં; સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદિ જિનેશ્વરં ॥૧॥ વિમલ ગિરિવર શૃંગ મંડણ, પ્રવર ગુણગણ ભૂધરં; સુર અસુર કિન્નર કોડિસેવિત ॥ નમો૦ ॥૨॥ કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિન ગુણ મનહરં ॥ નિર્જરાવલી નમે અહોનિશ ॥ નમો૦ ॥૩॥ પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધિત, કોડિ પ્રણ મુનિ મનહરં; શ્રી વિમલગિરિવર શૃંગસિદ્ધા ॥ નમો૦ ॥૪॥ નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડિનં તએ ગિરિવરં; મુગતિ રમણી વર્યા રંગે ॥ નમો૦ ॥૫॥ પાતાલનર સુર લોકમાંહે, વિમલ ગિરિવરતો પરં; નહિ અધિક તીરથ તીર્થપતિ કહે ॥ નમો૦ ॥૬॥ ઈમ વિમલ ગિરિવર શિખર મંડણ, દુઃખ વિહંડણ ધ્યાઈ એ; નિજ શુદ્ધ સત્તા સાધનાર્થ, પરમ જ્યોતિ નીપાઈએ ॥ ૭ ॥ જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમપદસ્થિતજયકરં ; ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં ॥૮॥[૧]

**ચૈત્યવંદન**-આદિદેવ અલવેસરૂ, વિનીતાનો રાય; નાભિરાયા કુલ મંડણો, મરૂદેવા માય ॥૧॥ પાંચશેં ધનુષની દેહડી, પ્રભુજી પરમદયાળ; ચોરાશી લખ પૂર્વનું જસ આયુ વિશાલ ॥૨॥ વૃષભ લંછન જિન વૃષધરૂ એ,

ઉત્તમ ગુણ મણિ ખાણ; તસ પદપદ્મ સેવન થકી, લહીએ અવિચળ ઠાણ ।।૩।।

(પછી જંકિંચિ. નમુત્થુણં કહિ અરિહંત ચેઈઆણં. અન્નત્થ. કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી નમોऽર્હત્ કહી એક થોય કહેવી. પછી લોગ્ગસ્સ. સવ્વલોએ. અન્નત્થ. કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારી નમોऽર્હત્ કહી બીજી થોય, પછી પુકખરવરદી. સુઅસ્સ ભગવઓ. અન્નત્થ. એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી, ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં વેયાવચ્ચગરાણં અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી ચોથી થોય કહેવી તે આ પ્રમાણે.)

થોય-આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા; મરૂદેવી માયા, ધોરી લંછન પાયા; જગત સ્થિતિનિ પાયા, શુદ્ધ ચારિત્ર પાયા; કેવલ સિરિ, રાયા.મોક્ષનગરે સધાયા ।।૧।। સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી, દુર્ગતિ દુ:ખ ભારી, શોક સંતાપ વારી; શ્રેણી ક્ષપક સુધારી, કેવલાનંતધારી; નમીયે નર નારી, જેહ વિશ્વોપકારી ।।૨।। સમવસરણે બેઠા, લાગે જે જિનજી મીઠા; કરે ગણપ પઈઠ્ઠા, ઈંદ્ર ચંદ્રાદિ દીઠા; દ્વાદશાંગી વરિઠ્ઠા, ગુંથતા ટાલે રિઠ્ઠા; ભવિજન હોય હિઠ્ઠા, દેખી પુણ્યે ગરિઠ્ઠા ।।૩।। સુર સમક્તિવંતા, જેહ રુદ્ધે મહંતા; જેહ સજ્જન સંતા, ટાલિયે મુજ ચિંતા; જિનવર સેવંતા, વિઘ્ન વારો દૂરંતા; જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખ દિંતા ।।૪।।

(અહિં નમુત્થુણં. જાવંતિ ચેઈઆઈ. ખમાસમણ દેઈ જાવંત કેવિ૦ નમોઽર્હત્ કહી સ્તવન કહેવું તે આ પ્રમાણે)

સ્તવન-પ્રથમ જિણેસર પ્રણમીયે; જાસ સુગંધીરે કાય; કલ્પવૃક્ષ પરે તાસ, ઈંદ્રાણી નયન જે ભૃંગપરે લપટાય ।।૧।। રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ; તેહથી પ્રતિહત તેહ, માનું કોઈ નવિ કરે, જગમાં તુમશું રે વાદ ।।૨।। વિગર ધોઈ તુજ નિરમલી, કાયા કંચનવાન; નહિ પ્રસ્વેદ લગાર, તારે તું તેહને, જેહ ધરે તાહરૂં ધ્યાન ।।૩।। રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોઈ; રુધિર આમિષથી, રાગ થયો તુજ જન્મથી, દૂધ સહોદર હોય ।।૪।। શ્વાસોશ્વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત; દેખે ન આહાર નિહાર, ચરમચક્ષુ ધણી, એહવા તુજ અવદાત ।।૫।। ચાર અતિશય મૂલથી, ઓગણીસ દેવના કીધ; કર્મ ખપ્યાથી અગ્યાર ચોત્રીસ એમ અતિશયા, સમવાયાંગે પ્રસિદ્ધ ।।૬।। જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ; પદ્મવિજય કહે એહ, સમય પ્રભુ પાલજો, જિમ થાઉં અક્ષય અભંગ ।।૭।।

(પછી જયવીયરાય "આભવમખંડા" સુધી કહેવા પછી ખમાસમણ દેઈ ઈચ્છા. સંદિ૦ ભગવન્ । શ્રી અજિતનાથ જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં કહી ચૈત્યવંદન કરવું તે આ પ્રમાણે.)

## ॥ શ્રી અજિતનાથ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-અજિતનાથ પ્રભુ અવતર્યા વિનીતાનો સ્વામી; જિતશત્રુ વિજય તણો, નંદન શિવગામી ॥૧॥ બહોંતેર લાખ પૂરવતણું, પાલ્યું જિણે આય; ગજલંછન લંછન નહિ, પ્રણમે સુરરાય ॥૨॥ સાડા ચારશે ધનુષની એ, જિનવર ઉતમ દેહ; પાદ પદ્મ તસ પ્રણમીયે જિમ લહીયે શિવગેહ ॥૩॥

(પછી જ કિંચિ. નમુત્થણં. અરિહંત ચેઈ. અન્ન્થ. કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી થોય કહેવી તે આ પ્રમાણે -)

**થોય**-વિજ્યા સુત વંદો, તેજથી જ્યું દિણંદો; શીતલાએ ચંદો, ધીરતાએ ગિરિંદો, મુખ જિમ અરવિંદો, જાસ સેવે સૂરીંદો; લહો પરમાણંદો સેવના સુખકંદો ॥૧॥

(આ થોય કહી ઉભા ઉભા જયવીયરાય આભવમખંડ' સુધી કહેવા. આ પ્રમાણે સર્વે તીર્થંકરોના દેવવંદનનો વિધિ જાણવો. સોલમા, બાવીસમા, ત્રેવીસમા અને ચોવીશમા તીર્થંકર પ્રભુના દેવવંદનનો વિધિ પ્રથમ પ્રભુના વિધિ પ્રમાણે જાણવો અને બાકીના પ્રભુનો વિધિ બીજા અજિતનાથ પ્રભુના વિધિ પ્રમાણે જાણવો.)

## ॥ શ્રી સંભવનાથ જિન દેવવંદન ॥

ચૈત્યવંદન-સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ; જિતારિ નૃપ નંદનો, ચલવે શિવ સાથ ॥૧॥ સેનાનંદન ચંદને, પૂજો નવ અંગે; ચારશે ધનુષનું દેહમાન, પ્રણમો મનરંગે ॥૨॥ સાત લાખ પૂરવ તણું એ, જિનવર ઉત્તમ આય, તુરગ લંછન પદ પદ્મને, નમતાં શિવ સુખ થાય ॥૩॥

**થોય**-સંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા; ષડ્ જીવના ત્રાતા, આપતા સુખશાતા; માતા ને ભ્રાતા, કેવલજ્ઞાન જ્ઞાતા; દુઃખ દોહગ વ્રાતા, જાસ નામે પલાતા ॥૧॥

## ॥ શ્રી અભિનંદન જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-નંદન સંવર રાયનો, ચોથા અભિનંદન; કપિ લંછનવંદન કરો, ભવદુઃખ નિકંદન ॥૧॥ સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિન રાય; સાડા ત્રણશે ધનુષમાન, સુંદર જસ કાય ॥૨॥ વિનિતાવાસી વંદીયે એ. આયુ લખ પંચાસ; પૂરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ ॥૩॥

થોય-સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો; થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો, પ્રભુ ગુણગણ માચો, એહને ધ્યાને રાચો; જિનપદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નિકાચો ॥૧॥

## ॥ શ્રી સુમતિનાથ જિન દેવવંદન ॥

ચૈત્યવંદન-સુમતિનાથ સુહંકરૂ, કોસલ્લા જસ નયરી; મેઘરાય મંગલા તણો, નંદન જિતવયરી ॥૧॥ ક્રૌંચ લંછન જિન રાજિયો, ત્રણશેં ધનુષની દેહ; ચાલીસ લાખ પૂરવતણું, આયુ અતિ ગુણગેહ ॥૨॥ સુમતિ ગુણે કરી જે ભર્યા એ તર્યા સંસાર આગાધ; તસ પદ પદ્મ સેવા થકી, લહો સુખ અવ્યા બાધ ॥૩॥

**થોય**-સુમતિ સુમતિદાયી, મંગલા જાસ માઈ; મેરૂ ને વલી રાઈ, ઓર એહને તુલાઈ; ક્ષય કીધાં ઘાઈ, કેવલજ્ઞાન પાઈ; નહિં ઉણિમ કાંઈ, સેવિયે તે સદાઈ ॥૧॥

## ॥ શ્રી પદ્મપ્રભ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-કોસંબીપુર રાજિયો, ધર નરપતિ તાય; પદ્મપ્રભ પ્રભુતામયી, સુસીમા જસ માય ॥૧॥ ત્રીસ લાખ પૂરવ તણું, જિન આયુ પાલી; ધનુષ અઢીશેં દેહડી, સવિ કર્મને ટાલી ॥૨॥ પદ્મલંછન પરમેશ્વરૂ એ, જિનપદ પદ્મની સેવ; પદ્મવિજય કહે કીજિએ, ભવિજન સહુ નિતમેવ ॥૩॥

**થોય**-અઢીશેં ધનુષ કાયા, ત્યક્ત મદમોહ માયા; સુસીમા જસ માયા, શુક્લ જે ધ્યાન ધ્યાયા; કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા; સેવે સુર રાયા, મોક્ષનગરે સધાયા ॥૧॥

## ॥ શ્રી સુપાસ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-શ્રી સુપાસ જિણંદ પાસ, ટાલ્યો ભવ ફેરો; પૃથિવી માતા ઉરે જયો, તે નાથ હમેરો ॥૧॥ પ્રતિષ્ઠિત સુત સુંદરુ, વાણારસી રાય; વીશ લાખ પૂરવ તણું, પ્રભુજીનું આય ॥૨॥ ધનુષ બસેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર; પાદપદ્મે જસ રાજતો, તાર તાર ભવ તાર ॥૩॥

થોય-સુપાસ જિન વાણી, સાંભલે જેહ પ્રાણી; હૃદયે પહોંચાણી; તે તર્યા ભવ્ય પ્રાણી; પાંત્રીશ ગુણખાણી, સૂત્રમાં જે ગુંથાણી; ષડ્ દ્રવ્યશું જાણી, કર્મ પીલે જયું ઘાણી ॥૧॥

## ॥ શ્રી ચંદ્રપ્રભ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-લક્ષ્મણા માતા જનમીઓ, મહસેન જસ તાય; ઉડપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય ॥૧॥ દશ લાખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ; સુર નરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ ॥૨॥ ચંદ્રપ્રભુ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર, પદ્મ વિજય કહે પ્રણમીયે. મુજ પ્રભુ પાર ઉતાર ॥૩॥

**થોય**-સેવે સુરવર વૃંદા, જાસ ચરણારવિંદા; અઠ્ઠમ જિનચંદા, ચંદ વર્ણે સોહંદા; મહસેન નૃપ નંદા, કાપતા દુઃખદંદા; લંછન મિષ ચંદા, પાયમાંનું સેવિંદા ॥૧॥

## ॥ શ્રી સુવિધિનાથ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત; મગર લંછન ચરણે નમુ, રામા રૂડી માત ॥૧॥ આયુ બે લાખ પૂરવતણું, શત ધનુષની કાય; કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય ॥૨॥ ઊત્તમ વિધિ જેહથી લહ્યો એ, તેણે સુવિધિ જિન નામ; નમતાં તસ પદ પદ્મને, લહિયે શાશ્વત ધામ ॥૩॥

**થોય**-નરદેવ ભાવદેવો, જેહની સારે સેવો; જેહ દેવાધિદેવો, સાર જગમાં જ્યું મેવો; જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો; સુવિધિ જિન જેહવો, મોક્ષ દે તતખેવો ॥૧॥

## ॥ શ્રી શીતલનાથ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-નંદા દઢર નંદનો, શીતલ શીતલનાથ; રાજા ભદ્દિલપુરતણો, ચલવે શિવ સાથ ॥૧॥ લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ, કાયા, માયા ટાલીને, લહ્યા પંચમ નાણ ॥૨॥ શ્રીવત્સલંછન સુંદરૂ એ, પદપદમે રહે જાસ; જિનની સેવા થકી, લહીયે લીલ વિલાસ ॥૩॥

**થોય**-શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી; પ્રભુ આતરરામી, સર્વ પરભાવવામી; જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી; ભવિ શિવસુખ કામી, પ્રણમીયે શીશ નામી ॥૧॥

## ॥ શ્રી શ્રેયાંસનાથ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-શ્રીશ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય; વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષ્યની કાય ॥૧॥ વરસ ચોરાશી લાખનું, પાલ્યું જેણે આય; ખડ્ગી લછન પદકજે, સિંહપુરીનો રાય ॥૨॥ રાજય તજી દીક્ષા વરી એ, જિનવર ઉત્તમ જ્ઞાન, પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચલ થાન ॥૩॥

**થોય**-વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત; પ્રભુના અવદાત, તીન ભુવનમેં વિખ્યાત; સુરપતિ સંઘાત, જાસ નિકટ આયાત; કરી કર્મનો ઘાત; પામીયા મોક્ષ સાત ॥૧॥

## ॥ શ્રી વાસુપૂજ્ય જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ; વસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ ॥૧॥ મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ; કાયા આયુ વરસ વલી, બહોંતેર લાખ વખાણ ॥૨॥ સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય; તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય ॥૩॥

**થોય**-વિશ્વના ઉપકારી, ધર્મના આદિકારી; ધર્મના દાતારી, કામક્રોધાદિ વારી; તાર્યાં નરનારી, દુઃખ દોહગ હારી; વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી ॥૧॥

## ॥ શ્રી વિમલનાથ જિન દેવવંદન ॥

ચૈત્યવંદન-કંપિલપુર વિમલ પ્રભુ, શ્યામા માત મલ્હાર; કૃતવર્મા નૃપકુલ નભે; ઉગમીયો દિનકાર ॥૧॥ લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય; સાઠ લાખ વરસાં તણું, આયુ સુખદાય (સુખ સમુદાય) ॥૨॥ વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ; તુજ પદ પદ્મ વિમલ પ્રતિ, સેવું ધરી સસનેહ ॥૩॥

થોય-વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો; શ્યામાંબ મલ્હારો, વિશ્વે કીર્તિ વિકારો; યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો; ગુણગણ આધારો, પુણ્યના એ પ્રકારો ॥૧॥

## ॥ શ્રી અનંતનાથ જિન દેવવંદન ॥

ચૈત્યવંદન-અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યાવાસી; સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી ॥૧॥ સુજસા માતા જનમીયો, ત્રીશ લાખ ઉદાર; વરસ આઉખું પાલીયું, જિનવર જયકાર ॥૨॥ લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ; જિન પદ પદ્મ નમ્યા થકી, લહીયે સહજ વિલાસ ॥૩॥

થોય-અનત અનંતનાણી, જાસ મહિમા ગવાણી; સુરનર તીરિ પ્રાણી; સાંભલે જાસ વાણી, એક વચન સમજાણી; જેહ સ્યાદ્વાદ જાણી; તર્યા તે ગુણ ખાણી, પામીયા સિદ્ધિ રાણી ॥૧॥

## ॥ શ્રી ધર્મનાથ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત; વજ્રી લંછન વજ્રી નમે, ત્રણ ભુવન વિખ્યાત ॥૧॥ દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પિસ્તાલીશ; રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીશ ॥૨॥ ધર્મ મારગ જિનવર કહીએ, ઉત્તમ જન આધાર; તેણે તુજ પાદ પદ્મ તણી; સેવા કરૂં નિરધાર ॥૩॥

**થોય**-ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી; કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી; દર્શન મદ છો રી, જાય ભાગ્યા સટોરી; નમે સુરનરકોરી, તે વરે સિદ્ધિ ગોરી ॥૧॥

## ॥ શ્રી શાંતિનાથ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-શાંતિ જિનેસર સોલમા, અચિરા સુત વંદો; વિશ્વસેન કુલ નભમણિ, ભવિજન સુખ કંદો ॥૧॥ મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ; હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણી ખાણ ॥૨॥ ચાલીસ ધનુષની દેહડી એ, સમ ચઉરંસ સંઠાણ; વંદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥૩॥

**થોય**-વંદો જિન શાંતિ, જાસ સોવન્ન કાંતિ; ટાલે ભવ ભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ, દ્રવ્ય ભાવ અરિ પાંતિ, તાસ કરતા નિકાંતિ; ધરતા મન ખાતિ, શોક સંતાપ વાંતિ ॥૧॥ દોય જિનવર નીલા, ધોય ધોલા સુશીલા; દોય રક્ત રંગીલા; કાઢતા કર્મ કીલા; ન કરે કોઈ હીલા, દોય શ્યામ

સલીલા; સોલ સ્વામિજી પીલા, આપજો મોક્ષ લીલા ॥૨॥ જિનવરની; વાણી, મોહવલ્લી કૃપાણી; સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી; અરથે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી; પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી ॥૩॥ વાઘેસરી દેવી, હર્ષ હિયડે ધરેવી; જિનવર પય સેવી, સાર, શ્રદ્ધા વરેવી, જે નિત્ય સમરેવી, દુઃખ તેહનાં હરેવી, પદ્‌મવિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી ॥૪॥

## ॥ શાંતિનાથ જિન સ્તવન ॥

(ગરબો કોણને કોરાગ્યો કે નંદજીના લાલ રે-એ દેશી)

સોલમા શાંતિ જિનેશ્વર દેવ કે, અચિરાના નંદરે; જેહની સારે સુરપતિ સેવ કે ॥અ૦॥ એક યોજન માંહે સમાય કે ॥અ૦ ॥૧॥ તેહને પ્રભુજીની વાણી કે ॥અ૦॥ પરિણમે સમજે ભવિ પ્રાણી કે ॥અ૦॥ સહુ જીવના સંશય ભાંજે કે ॥અ૦॥ પ્રભુ મેઘધ્વનિ એમ ગાજે કે ॥અ૦ ॥૨॥ જેહને જોયણ સવાસો માન કે ॥ અ૦ ॥ જે પૂર્વના રોગ તેણે થાન કે ॥અ૦ ॥ સવિ નાશ થાયે નવા નાવે કે ॥ અ૦ ॥ ષડ્ માસ પ્રભુ પરભાવે કે ॥ અ૦ ॥૩॥ જિહાં જિનજી વિચરે રંગ કે ॥ અ૦ ॥ નવિ મૂષક શલભ પતંગ કે ॥ અ૦ ॥ નવિ કોઈને વયર વિરોધ કે ॥ અ૦ ॥ ૪ ॥ નિજ પરચક્રનો ભય નાસે કે ॥ અ૦ ॥ વળી મરકી નાવે પાસ કે ॥ અ૦ ॥ પ્રભુ વિચરે તિહાં ન દુકાલ કે ॥ અ૦ ॥ જાયે ઉપદ્રવ સવિ તતકાલ કે ॥ અ૦ ॥ ૫ ॥ જસ મસ્તક પૂંઠે રાજે કે ॥ અ૦

॥ ભામંડલ રવિપરે છાજે કે ॥ અ૦ ॥ કર્મક્ષયથી અતિશય અગીયાર કે ॥ અ૦ ॥ માનું યોગ્ય સામ્રાજ્ય પરિવાર કે ॥ અ૦ ॥ કબ દેખું ભાવે એ ભાવે કે ॥ અ૦ ॥ એમ હોંશ ધણી ચિત્ત આવે કે ॥ અ૦ ॥ શ્રી જિન ઉત્તમ પરભાવે કે ॥ અ૦ ॥ કહે પદ્મવિજય બની આવે કે ॥ અ૦ ॥ ૭ ॥

## ॥ શ્રી કુંથુનાથ જિન દેવવંદન ॥

ચૈત્યવંદન-કુંથુનાથ કામિત દીયે, ગજપુરનો રાય; સિરિ માતા ઉર અવતર્યો, શૂર નરપતિ તાય ॥૧॥ કાયા પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ; કેવલ જ્ઞાનાદિક ગુણો, પ્રણમો ધરી રાગ ॥૨॥ સહસ પંચાણું વરસનું એ, પાલી ઉત્તમ આય; પદ્મવિજય કહે પ્રણમીયે, ભાવે શ્રી જિનરાય ॥૩॥

થોય-કુંથુ જિનનાથ, જે કરે છે સનાથ; તારે ભવ પાથ, જે ગ્રહી ભવ્ય હોય; એહનો તજે સાથ; બાવલ દીયે બાથ; રે સુર નર સાથ, જે સુણે એક ગાથ ॥૧॥

## ॥ શ્રી અરનાથ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-નાગપુરે અર જિનવરૂ, સુદર્શન નૃપ નંદ; દેવિ માતા જનમીયો, ભવિજન સુખકંદ ॥૧॥ લંછન નંદાવર્ત્તનું, કાયા ધનુષહ ત્રીશ; સહસ ચોરાશી વરર્ષનું, આયુ જાસ જગીશ ॥૨॥ અરુજ અજર અર જિનવરૂ એ, પામ્યા ઉત્તમ ઠાણ; તસ પદ પદ્મ આલંબતાં, લહીયે પદ નિરવાણ ॥૩॥

**થોય**-અર જિનવર રાયા, જેહની દેવી માયા; સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા; નંદાવર્ત્ત પાયા, દેશના શુદ્ધ દાયા; સમવસરણ વિરચાયા, ઇંદ્ર ઇંદ્રાણી ગાયા ॥૧॥

## ॥ શ્રી મલ્લિનાથ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી; પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ વયરી ॥૧॥ તત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચવીશની કાય; લંછન કલશ મંગલકરૂ, નિર્મમ નિરમાય ॥૨॥ વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય; પદ્મ વિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય ॥૩॥

**થોય**-મલ્લિજિન નમીયે, પૂરવલાં પાપ ગમિયે; ઇંદ્રિય ગણ દમિયે, આણ જિનની ન ક્રમીયે; ભવમાં નવિ ભમિયે, સર્વ પરભાવ વમીયે; જિન ગુણમાં રમીયે, કર્મ મલ સર્વ ધમીયે ॥૧॥

## ॥ શ્રી મુનિસુવ્રત જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન; પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન ॥૧॥ રાજગૃહી નયરી ધણી, વીશ ધનુષ શરીર; કર્મ નિકાચિત રેણુ વ્રજ, ઉદ્દામ સમીર ॥૨॥ ત્રીશ હજાર વરસતણું એ, પાલી આયુ ઉદાર; પદ્મવિજય કહે શિવ લહ્યા, શાશ્વત સુખ નિરધાર ॥૩॥

**થોય**-મુનિસુવ્રત નામે, જે ભવિ ચિત્ત કામે; સવિ સંપત્તિ પામે, સ્વર્ગનાં સુખ જામે; દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે; સવિ કર્મ વિરામે; જઈ વસે સિદ્ધિ ધામે ॥૧॥

## ॥ શ્રી નમિનાથ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-મિથિલા નયરી રાજીયો, વપ્રા સુત સાચો; વિજયરાય સુત છોડીને, અવર મત માચો ॥૧॥ નીલકમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ; નમિ જિનવરનું સોહતું ગુણ ગણ મણિગ્રેહ ॥૨॥ દશ હજાર વરસતણું એ, પાલ્યું પરગટ આય; પદ્મવિજય કહે પુણ્યથી, નમીયે તે જિનરાય ॥૩॥

**થોય**-નમિયે નમિ નેહ, પુણ્ય થાયે જ્યું દેહ; અઘ સમુદય જેહ, તે રહે નાંહી રેહ; લહે કેવલ તેહ; સેવના કાર્ય એહ; લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ ॥૧॥

## ॥ શ્રી નેમિનાથ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-નેમિનાથ બાવીશમા, શિવાદેવી માય; સમુદ્રવિજય પૃથિવીપતિ, જે પ્રભુના તાય ॥૧॥ દશહ ધનુષની દેહડી, આયુ વરસ હજાર; શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર ॥૨॥ સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન; જિન ઉત્તમ પદ પદ્મને નમતાં અવિચલ ઠાણ ॥૩॥

**થોય**-રાજુલ વર નારી, રૂપથી રતિ હારી; તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી; પશુઆ ઉગારી, હુઆ ચારિત્રધારી, કેવલશ્રી સારી, પામીયા, ધાતિ વારી ॥૧॥ ત્રણ જ્ઞાન સંયુત્તા, માતની કુખે હુતા; જનમે પુરૂહુતા, આવી સેવા કરંતા; અનુક્રમે વ્રત કરંતા; પંચ સમિતિ ધરંતા; મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા ॥૨॥ સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે; ત્રિગડું સોહાવે, છેવછંદો બનાવે; સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે, તિહાં જિનવર આવે, તત્ત્વવાણી સુણાવે ॥૩॥ શાસન સુરી સારી, અંબિકા નામ ધારી; જે સમકિતિ નર નારી, પાપ સંતાપ વારી; પ્રભુ સેવાકારી, જાપ જપીયે સવારી, સઘ દુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી ॥૪॥

## ॥ શ્રી નેમિનાથ જિન સ્તવન ॥

(આવો જમાઈ પાહુણા, જયવંતાજી-એ દેશી)

નિરખ્યો નેમિ જિણંદને, અરિહંતાજી; રાજિમતી કર્યો ત્યાગ, ભગવંતાજી, બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો ॥ ॥ અરિ૦ ॥ અનુક્રમે થયા વીતરાગ ॥ ભગ૦ ॥૧॥ ચામર ચક્ર સિંહાસન ॥ અરિ૦ ॥ પાદપીઠ સંયુક્ત ॥ ભગ૦ ॥ છત્ર ચાલે આકાશમા ॥ અરિ૦ ॥ દેવ દુંદુભિ વર ઉત્ત ॥ ભગ૦ ॥ ૨ ॥ સહસ

જોયણ ધ્વજ સોહતો ॥ અરિ ॥ પ્રભુ આગલ ચાલંત ॥ ભગ૦ ॥ કનક કમલ નવ ઉપરે ॥ અરિ૦ ॥ વિચરે પાય ઠવંત ॥ ભગ૦ ॥ ૩ ॥ ચાર મુખે દીયે દેશના ॥ અરિ૦ ॥ ત્રણ ગઢ ઝાકઝમાળ ॥ ભગ૦ ॥ કેશરોમ શ્મશ્રૂ નખા ॥ અરિ૦ ॥ વાધે નહિ કોઈ કાલ ॥ ભગ૦ ॥ ૪ ॥ કાંટા પણ ઉંધા હોય ॥ અરિ૦ ॥ પંચ વિષય અનુકુલ ॥ ભગ૦ ॥ ષડ્ ઋતુ સમકાલે ફલે ॥ અરિ૦ ॥ વાયુ નહિં પ્રતિકૂલ ॥ ભગ૦ ॥૫॥ પાણી સુગંધ સુર કુસુમની ॥ અરિ૦ ॥ વૃષ્ટિ હોય સુરસાલ ॥ ભગ૦ ॥ પંખી દીયે સુપ્રદક્ષિણા ॥ અરિ૦ ॥ અરિ૦ ॥ વૃક્ષ નમે અસરાલ ॥ ભગ૦ ॥૬॥ જિન ઉત્તમ પદ પદ્મની ॥ અરિ૦ ॥ સેવા કરે સુર કોડી ॥ ભગ૦ ॥ ચાર નિકાયના જઘન્યથી ॥ અરિ૦ ॥ ચૈત્યવૃક્ષ તેમ જોડી ॥ ભગ૦ ॥ ૭ ॥

## ॥ શ્રી પાર્શ્વનાથ જિન દેવવંદન ॥

**ચૈત્યવંદન**-આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ; વામા માતા જનમીયા, અહિ લંછન જાસ ॥૧॥ અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાયા ॥ કાશી દેશ વારાણસી, પુણ્યે પ્રભુ આયા ॥૨॥ એક સો વરસનું આઊખું એ, પાળી પાસ કુમાર; પદ્મ કહે મુક્ત ગયા, નમતાં સુખ નિરધાર ॥૩॥

**થોય**-શ્રી પાસ જિણંદા, મુખ પૂનમ ચંદા; પદ યુગ અરવિંદા, સેવે ચોસઠ ઈંદા; લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા; સેવે ગુણી વૃંદા, જેહથી સુખકંદા ॥૧॥ જનમથી વર ચાર, કર્મ નાસે અગ્યાર; ઓગણીશ નિરધાર, દેવે કીધા ઉદાર; સવિ ચોત્રીસ ધાર, પુણ્યના એ પ્રકાર; નમિયે નરનાર, જેમ સંસાર પાર ॥૨॥ એકાદશ અંગા, તેમ બારે ઉવંગા; ષટ્ છેદ સુચંગા, મૂલ ચારે સુરંગા; દશ પઈન્ન સુસંગા, સાંભલો થઈ એકંગા. અનુયોગ બહુભંગા, નંદીસૂત્ર પ્રસંગા ॥૩॥ પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો; અડતાલીશ જાસો, સહસ પરિવાર ખાસો; સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો; કહે પદ્મ નિકાસો, વિઘ્નના વૃંદ પાસો ॥૪॥

## ॥ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન ॥

(મહારા પાસજી રે લો-એ દેશી)

જિનજી તેવીસમો જિન પાસ૦ આશ મુજ પૂરવેરે લો ॥ માહરા નાથજી રે લો ॥ જિનજી ઈહ ભવ પરભવ દુઃખ, દોહગ સવિ ચૂરવે રે લો ॥ માહ૦ ॥ જિનજી આઠ પ્રાતિહાર્યશું, જગમાં તું જયોરે લો ॥ માહ૦ ॥ જિનજી તાહરા વૃક્ષ અશોકથી, શોક દૂરે ગયો રે લો ॥ માહ૦ ॥૧॥

જિનજી જાનું પ્રમાણ ગીર્વાણ, કુસુમ વૃષ્ટિ કરે રે લો ॥ માહ૦ ॥ જિનજી દિવ્ય ધ્વનિ સુર પૂરે કે, વાંસલીયે સ્વરે રે લોલ ॥ માહ૦ ॥ જિનજી ચામર કેરી હાર, ચલંતી એમ કહે રે લો ॥ માહ૦ ॥ જિનજી જે નમે અમર પરે તે ભવિ, ઊર્ધ્વગતિ લહે રે લો ॥ માહ૦ ॥૨॥ જિનજી પાદપીઠ સિંહાસન, વ્યંતર વિરચિયે રે લો ॥ માહ૦ ॥ જિનજી તિહાં બેસી જિનરાજ, ભવિક દેશના દિયે રે લા ॥ માહ૦ ॥ જિનજી ભામંડલ શિર પૂંઠે, સૂર્ય પરે તપે રે લો ॥ માહ૦ ॥ જિનજી નિરખી હરખે જેહ, તેહનાં પાતક ખપે રે લો ॥ માહ૦ ॥૩॥ જિનજી દેવદુંદુભિનો નાદ, ગંભીર ગાજે ઘણો રે લો ॥ માહ૦ ॥ જિનજી ત્રણ છત્ર કહે તુજ કે, ત્રિભુવન પતિપણો રે લો ॥ માહ૦ ॥ જિનજી એ ઠુકરાઈ તુજ કે બીજે નવિ ઘટે રે લો ॥ માહ૦ ॥ જિનજી રાગી દ્વેષી દેવ કે, તે ભવમાં અટે રે લો ॥ માહ૦ ॥૪॥ જિનજી પૂજક નિંદક દોય કે, તાહરે સમપણે રે લો ॥ માહ૦ ॥૫॥ જિનજી કમઠ ધરણપતિ ઉપર, સમ ચિત્ત ગણે રે લો ॥ માહ૦ ॥૬॥ જિનજી પણ ઉત્તમ તુજ પાદ, પદ્મ સેવા કરે રે લો ॥ માહ૦ ॥ જિનજી તેહ સ્વભાવે કે; ભવસાયર તરે રે લો ॥ માહ૦ ॥૭॥

## ॥ શ્રી વર્ધમાન સ્વામી દેવવંદન ॥

**ચૈત્યવંદન**-સિદ્ધારથ સુત વંદિયે, ત્રિશલાનો જાયો; કુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો ॥૧॥ મૃગપતિ લંછલ પાઉલે, સાત હાથની કાયા; બહોત્તેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા ॥૨॥ ખિમા વિજય જિનરાયના એ, ઉત્તમ ગુણ અવદાત; સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત ॥૩॥

**થોય**-મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થનંદા; લંછન મૃગેંદા, જાસ પાયે સોહંદા; સુર નર વર ઇંદા, નિત્ય સેવા કરંદા, ટાલે ભવ ફંદા, સુખ આપે અમંદા ॥૧॥ અડ જિનવર માતા, મોક્ષમાં સુખ શાતા; અડજિનની (જનની) ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા; અડ જિનપ જનેતા, નાક માહેંદ્ર યાતા; સવિ જિનવર નેતા, શાશ્વતાં સુખદેતા ॥૨॥ મલ્લી નેમિ પાસ, આદિ અઠ્ઠમ ખાસ; કરી એક ઉપવાસ, વાસુપૂજ્ય સુવાસ; શેષ છઠ્ઠ સુવિલાસ કેવલજ્ઞાન જાસ; કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ ॥૩॥ જિનવર જગદીશ, જાસ મહોટી જગીશ; નહિ રાગ ને રીશ, નામીયે તાસ શીશ; માતંગ સુર ઈશ, સેવતો રાતી દિસ; ગુરૂ ઉત્તમ અધીશ; પદ્મ ભાખે સુશિષ ॥૪॥

## ॥ શ્રી વર્દ્ધમાન જિન સ્તવન ॥

શાસનનાયક, શિવસુખદાયક જિનપતિ ॥ મારા લાલ ॥ પાયક જાસ સુરાસુર ચરણે નરપતિ ॥ મારા૦ ॥ ઢાયક પાતક વૃંદ ચરણ અંગીકર્યા ॥ મારા૦ ॥૧॥ ક્ષયિકભાવે કેવલ-જ્ઞાનદર્શન ધરે ॥ મારા૦ ॥ જ્ઞાયક લોકાલોકના ભાવશુ વિસ્તરે ॥ મારા૦ ॥ ઘાયક ઘાતિકર્મ મર્મની આપદા ॥ મારા૦ ॥૨॥ કારક ષટ્ક થયાં તુજ કે, આતમ તત્ત્વમાં ॥ મારા૦ ॥ ધારક ગુણ સમુદાય સયલ એકત્વમાં ॥ મારા૦ ॥ નારક નર તિરિ દેવ ભ્રમણથી હું થયો ॥ મારા૦ ॥ કારક જેહ વિભાવ તેણે વિપરીત ભયો ॥ મારા૦ ॥૩॥ તારક તુ ભવિ (સિવિ) જીવને સમરથ મેં લહ્યો ॥ મારા૦ ॥ કારક કરુણારસથી ક્રોધાનલ દહ્યો ॥ મારા૦ ॥ વાચક જેહ ઉપાધિ અનાદિની સહચરી ॥ મારા૦ કારક જિન ગુણ ઋદ્ધિ સેવકને બરાબરી ॥ મારા૦ ॥૪॥ વાણી એહવી સાંભળી જિન આગમ તણી ॥ મારા૦ ॥ જાણી ઉતમ આશ ધરી મનમાં ઘણી ॥મારા૦॥ ખાણી ગુણની તુજ પદ પદ્મની ચાકરી ॥ મારા૦ ॥ આણી હૈયડે હેજ કરૂં નિજ પદ કરી ॥ મારા૦ ॥૫॥ પછી જયવીયરાય પૂરા કહેવા.

## ॥ શ્રી શાશ્વતા અશાશ્વતા જિનદેવવંદન ॥

ચૈત્યવંદન-કોડી સાત ને લાખ બોહોંત્તેર વખાણું, ભુવનપતિ ચત્ય સંખ્યા પ્રમાણું; એંશી સો જિનબિંબ એક ચૈત્ય ઠામે, નમો સાસય જિનવરા મોક્ષ કામે ॥૧॥ કોડી

તેરશે ને નેવ્યાશી વખાણે, સાઠ લાખ ઉપર સવિ બિંબ જાણે; અસખ્યાત વ્યંતર તણાં નગર નામે ।। નમો૦ ।।૨।। અસંખ્યાત તિહાં ચૈત્ય તેમ જ્યોતિષીયે, બિંબ એકાશત એંશી ભાંખ્યાં ઋષિયે; નમે તે મહા (ઋદ્ધિ) સિદ્ધિ નવનિધિ પામે ।। નમો૦ ।। ૩ ।। વલી બાર દેવલોકમાં ચૈત્ય સાર, ગ્રૈવેયક નવ માંહિ દેહરાં ઉદાર; તિમ અનુત્તરે દેખીને મ પડો ભામે ।। નમો૦ ।। ૪ ।। ચોરાશી લખ તેમ સત્તાણું સહસ્સા, ઉપર ત્રેવીશ ચૈત્ય શોભાયે સરસા; હવે બિંબ સંખ્યા કહુ તેહ ધામે ।। નમો૦ ।।૫।। સો કોડી ને બાવન કોડી જાણો, ચોરાણું લખ સહસ ચૌંઆલ આણો; સય સાત ને સાઠ, ઉપરે પ્રકામે ।। નમો૦ ।।૬।। મેરૂ રાજધાની ગજદંતસાર, જમક ચિત્ર વિચિત્ર કાંચન વખાર; ઈક્ખુકાર ને વર્ષધર નામ ઠામે ।। નમો૦ ।।૭।। વલી દીર્ઘ વૈતાઢાયને વૃત્ત જેહ, જંબૂ આદિ વૃક્ષે દિશા ગજ છે તેહ; કુંડ મહાનંદી દ્રહ પ્રમુખ ચૈત્ય ગ્રામે ।। નમો૦ ।।૮।। માનુષોત્તર નગવરે જેહ ચૈત્ય, નંદીસર રુચક કુંડલ છે પવિત્ત; તિર્છ્લોકમાં ચૈત્યનમિયે સુકામે ।। નમો૦ ।।૯।। પ્રભુ ઋષભ ચંદ્રાનન વારિષેણ, વલિ વર્ધમાનાભિધે ચાર શ્રેણ; એહ શાશ્વતા બિંબ સુવિચાર નામે ।। નમો૦ ।।૧૦।। સવિ કોડી સય પન્નર બાયાલ ધાર, અઠ્ઠાવન લખ સહસ છત્રીશ સાર; એંશી જોઈષ વણ વિના સિદ્ધિ ધામે ।। નમો૦ ।।૧૧।। અશાશ્વત જિનવર નમો પ્રેમ આણી, કેમ ભાખિયે

તેહ જાણી અજાણી; બહુતીર્થ નેઠામે બહુ ગામ ગામે ॥નમો૦ ॥૧૨॥ એમ જિન પ્રણમીજે, મોહ નૃપને દમીજે; ભવ ભવ ન ભમીજે; પાપ સર્વે ગમીજે; પરભાવ વમીજે, જો પ્રભુ અઠમીજે; પદ્મવિજય નમીજે, આત્મતત્ત્વે રમીજે ॥નમો૦ ॥૧૩॥

(અહીં જંકિંચિ૦ નમુત્થુણં૦ કહીને એક લોગસ્સનો કાઉસ્સગ્ગ ચંદેસુ નિમ્મલયરા, સુધી કરવો એક જણે કાઉસ્સગ્ગ પારી ચાર થોયો કહેવી તે આ પ્રમાણે -)

**થોય**-ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારિષેણ દુઃખ વારેજી; વર્ધમાન જિનવર વલી પ્રણમો; શાશ્વત નામ એ ચારે જી; ભરતાદિક ક્ષેત્રે મલી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી, તેણે ચારે એ શાશ્વત જિનવર, નમિયે નિત્ય સવારે જી ॥૧॥ ઊર્ધ્વ અધો તિર્ચ્છા અધો તિર્ચ્છૉ લોકે થઈ, કોડિ પન્નરસેં જાણો જી ॥ ઉપર કોડિ બહેંતાલીશ પ્રણમો, અડવન લખ મન આણો જી; છવીસ સહસ અસી તે ઉપરે બિંબ તણો પરિમાણો જી, અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમું તે સુવિહાણો જી ॥૨॥ રાયપસેણી જીવાભિગમે, ભગવતી સૂત્રે ભાખી જી; જંબૂદ્વિપ પન્નત્તિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખી જી, વલી અશાશ્વતી જ્ઞાતાકલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખી જી; તે જિનપ્રતિમા લોપે પાપી, જિહાં બહુ સૂત્ર છે સાખી જી ॥૩॥ એ જિનપૂજાથી આરાધક ઈશાન ઇંદ્ર કહાયાજી; તેમ સૂરિયાભ પ્રમુખ

બહુ સુરવર. દેવી તણા સમુદાયાજી, નંદીશ્વર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષભરાયા જી, જિન ઉત્તમ કલ્યાણક દિવસે, પદ્‌મવિજય નમે પાયા જી ॥૪॥

(અહીંયા મોટી શાંતિ એક જણે કહેવી અને બીજા સર્વ કાઉસ્સગ્ગમાં સાંભળે. શાંતિ પૂર્ણ થયા બાદ પારીને પ્રગટ એક લોગસ્સ પૂર્ણ કહે, પછી બેસીને સર્વ જણ તેર નવકાર ગણે ત્યાર પછી ખમાસમણપૂર્વક 'શ્રી સિદ્ધાચલ સિદ્ધક્ષેત્ર, અષ્ટાપદ આદીશ્વર, પુંડરિક ગણધરાય નમોનમઃ' એ પાઠ તેર વખત સર્વ જનોએ કહેવો પછી પાંચ તીર્થનાં પાંચ સ્તવન કહેવાં તે આ પ્રમાણે-)

## ॥ શ્રી તીર્થાધિરાજશત્રુંજયગિરિ સ્તવન ॥

(જસોદા-માવડી-એ દેશી)

જાત્રા નવાણું કરીયે વિમલગિરિ ॥ જા૦ ॥ એ આંકણી ॥ પૂરવ નવાણું વાર શેત્રું જયગિરિ, ઋષભ જિણંદ સમોસરિયે ॥ વિમ૦ ॥૧॥ કોડિ સહસ ભવ પાતિક તુટે, શેત્રું જય સાહમા ડગ ભરિયે ॥વિમ૦ ॥૨॥ સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીયે ગિરિવરિયે ॥વિમ૦॥૩॥ પુંડરીક પદ જપીયે મન હરખે, અધ્યવસાય શુભ ધરિયે ॥ વિમ૦ ॥૪॥ પાપી અભવિ નજરે ન દેખે, હિંસક પણ ઉદ્ધરિયે ॥ વિમ૦ ॥૫॥ ભુંઈ સંથારો ને નારી[૨] તણો સંગ, દૂર થકી પરિહરીયે ॥ વિમ૦ ॥૬॥ સચિત્ત[૩] પરિહારી ને એકલ[૪] આહારી, ગુરૂ સાથે પદ[૫] ચરિયે ॥ વિમ૦ ॥૭॥ [૬]

પડિક્કમણાંદોય વિધિશું કરીયે, પાપ પડલ વિખરીયે ॥વિમ૦ ॥૮॥ કલિકાલે એ તીરથ મહોટું, પ્રવહણ જેમ ભરદરિયે ॥ વિમ૦ ॥૯॥ ઉત્તમ એ ગિરિવર સેવંતા, પદ્મ કહે ભવતરિયે ॥વિમ૦ ॥૧૦॥

## ॥ શ્રી ગિરનાર ગિરિવરનું સ્તવન ॥

( માહારા વાલાજી-એ દેશી )

તોરણથી રથ ફેરી ચાલ્યા કંત રે, પ્રીતમજી ॥
આઠ ભવની પ્રીતડી ત્રોડી તંત ॥ મહારા પ્રીતમજી ॥
નવમે ભવ પણ નેહ ન આણો મુઝ રે ॥ પ્રીત૦ ॥
તો શેં કારણ એટલે આવવું તુજ્જ ॥મહા૦ ॥ ૧ ॥
એક પોકાર સુણી તિર્યંચનો એમ રે ॥પ્રીત૦ ॥
મૂકો અબલા રોતી પ્રભુજી કેમ ॥ મહા૦ ॥
ષટ્ જીવના રખવાલમાં શિરદાર રે ॥ પ્રીત૦ ॥
તો કેમ વિલવતી સ્વામી મૂકો નારી ॥ મહા૦ ॥ ૨ ॥
શિવ વધુ કેરૂં એહવું કેહવું રૂપ રે ॥ પ્રીત૦ ॥
મુઝ મૂકીને ચિત્તમાં ધરી જિન ભૂપ ॥મહા૦ ॥
જિનજી લીયે સહસાવનમાં વ્રતભાર રે ॥ પ્રીત૦ ॥
ઘાતિ કરમ ખપાવીને નિર- ધાર ॥ મહા૦ ॥ ૩ ॥
કેવલ ઋદ્ધિ અનંતી પ્રગટ કીધ રે ॥ પ્રીત૦ ॥
જાણી રાજુલ એમ પ્રતિજ્ઞા લીધ ॥ મહા૦॥
જે પ્રભુજીએ કીધું કરવું તેહ રે ॥ પ્રીત૦ ॥
એમ કહી વ્રતધર થઈ પ્રભુ પાસે જેહ ॥ મહા૦ ॥ ૪ ॥

પ્રભુ પહેલાં નિજ શોકયનું જોવા રૂપ રે ।। પ્રીત૦ ।। કેવલ જ્ઞાન લહી થઈ સિદ્ધ સરૂપ ।। મહા૦ ।। શિવવધૂ વરીયા જિનવર ઉત્તમ નેમ રે ।। પ્રીત૦ ।। પદ્મ કહે પ્રભુ રાખ્યો અવિચલ પ્રેમ ।। મહા૦ ।। ૫ ।।

## ।। શ્રી અર્બુદગિરિવરનું સ્તવન ।।

( કોય લો પરવત ધુધલો રે લો-એ દેશી )

આબુ અચલ રલિઆમણો રે લો, દેલવાડે મનો-હાર; સુખકારી રે, વાદ લીયે જે સ્વર્ગશું રે લો, (એઆકણી)બાર પાદશાહ વશ કીયા રે લો, વિમલ મંત્રી-સર સાર ।।સુ૦।। તેણે પ્રાસાદ નિપાઈયો રે લો, ઋષ-ભજી જગદાધાર બલિહારી રે ।। ૧ ।। આબુ૦ ।। તેહચત્યમાં જિનવરૂ રે લો, આઠશેં ને છોંતેર ।।સુખ૦।। જેહદીઠે પ્રભુ સાંભરે રે લો, મોહ કર્યો જેણે જેર ।। બલિ૦।।આબુ૦ ।। ૨ ।। દ્રવ્ય ભરી ધરતી મવી રે લો, લીધીદેઉલ કાજ ।।સુખ૦ ।। ચૈત્યતિહાં મંડાવીયો રે લો,લેવા શિવપુર રાજ ।। બલિ૦ ।।આબુ૦ ।।૩।। પન્નરશેં કારીગરા રે લો, દીવી-ધરા પ્રત્યેક ।। સુખ૦ ।। તેમ મર્દનકારક વલી રે લો, વસ્તુપાલ એ વિવેક ।। બલિ૦ ।। આબુ૦ ।। ૪ ।। કોરણી ધોરણી તિહાં કરી રે લો, દીઠે બને તે વાત ।। સુખ૦ ।। પણ નવિ જાયે મુખે કહી રે લો, સુર ગુરૂ સમ વિખ્યાત ।। બલિ૦ ।। આબુ૦ ।। ૫ ।। ત્રણે વરસે નીપન્યો રે લો, તે પ્રાસાદ ઉત્તંગ ।। સુખ૦ ।। બાર કોડી ત્રેપન લક્ષ ને રે લો, ખરચ્યા દ્રવ્ય ઉછરંગ ।।

બલિ૦ ॥ આબુ૦ ॥ ૬ ॥ દેરાણી જેઠાણી-ના ગોખલા રે લો, દેખતાં હરખ તે થાય ॥ સુખ૦ ॥ લાખ અઢાર ખરચીયા રે લો, ધન્ય ધન્ય એહની માય ॥ બલિ૦ ॥ આબુ૦ ॥ ૭ ॥ મૂલ નાયક નેમીશ્વરુ રે લો, જન્મ થકી બ્રહ્મચાર ॥ સુખ૦ ॥ નિજ સત્તા રમણી થયો રે લો, ગુણ અનંત આધાર ॥ બલિ૦ ॥ આબુ૦ ॥૮॥ ચારશેં ને અડસઠ ભલા રે લો, જિન-વર બિંબ વિશાલ ॥ સુખ૦ ॥ આજ ભલેરે ભેટીયા રે લો, પાપ ગયાં પાયાલ ॥ બલિ૦ આબુ૦ ॥ ૯ ॥ ઋષભ ધાતુમયી દેહરે રે લો; એકસો પિસ્તાલીસ બિંબ ॥ સુખ૦ ॥ ચૌમુખ ચૈત્ય જુહારીયે રે લો, મરૂધરમાં જેમ અંબ ॥ બલિ૦ ॥ આબુ૦ ॥ ૧૦ ॥ બાણું કાઉસ્સગ્ગીઆ તેહમાં રે લો, અગન્યાસી જિનરાય ॥ સુ૦ ॥ અચલગઢે બહુ જિનવરા રે લો, વંદુ તેહના પાય ॥ બલિ૦ ॥ અબુ૦ ॥ ૧૧ ॥ ધાતુમયી પરમેશ્વરા રે લો, અદ્ભુત જાસ સ્વરૂપ ॥સુ૦॥ ચૌમુખ મુખ્ય જિન વંદતાં રે લો, થાયે નિજ ગુણ ભૂપ ॥ બલિ૦ ॥ આબુ ૦ ॥ ૧૨ ॥ અઢારશે ને અઢારમાં રે લો, ચૈતરવદી ત્રીજ દિન ॥સુ૦॥ પાલણપુરના સંઘશું રે લો, પ્રણમી થયો ધન ધન્ય ॥બલિ૦ ॥ આબુ૦ ॥

॥ ૧૩ ॥ તિમ શાંતિ જગદીશરૂ રે લો, યાત્રા કરી અદ્ભૂત ॥સુ૦॥ જે દેખી જિન સાંભરી લો, સેવા કરે પુરુહૂત ॥ બલિ૦ ॥આબુ૦ ॥ ૧૪ ॥ એમ જાણી આબુતણી રે લો,

જાત્રા કરશે જેહ ॥સુ૦॥ જિન ઉત્તમ પદ પામશે રે લો, પદ્મવિજય કહે તેહ ॥ બલિ૦ ॥ આબુ૦ ॥ ૧૫ ॥

## ॥ શ્રી અષ્ટાપદ ગિરિવર સ્તવન ॥

અષ્ટાપદ અરિહંતજી; મ્હારા વ્હાલાજી રે; આદીશ્વર અવધાર નમીયે નેહશુ ॥ મ્હા૦ ॥ દશહજાર મુ- ણિંદશું ॥ મ્હા૦ ॥ વરિયા શિવવધૂ સાર ॥ નમીયે૦ ॥ ૧ ॥ ભરત ભૂપ ભાવે કર્યો ॥ મ્હા૦ ॥ ચઉમુખ ચૈત્ય ઉદાર ॥ન૦ ॥ જિનવર ચોવીશે જિહાં ॥મ્હા૦॥ થાપ્યાં અતિ મનોહાર ॥ન૦ ॥૨॥ વરણ પ્રમાણે બીરાજતા ॥ મ્હા૦ ॥ લંછન ને અલંકાર ॥ ન૦ ॥ સમ નાસાયે શોભતા ॥ મ્હા૦ ॥ ચિહું દિશે ચાર કાર ॥ન૦॥૩॥ મંદોદરી રાવણ તિહાં ॥ મ્હા૦ ॥ નાટક કરતાં વિશાલ ॥ન૦॥ ત્રૂટી તાંત તવ રાવણે ॥ મ્હા૦ ॥ નિજ કર વીણા તતકાલ ॥ ન૦ ॥ ૪ ॥ કરી બજાવી તિણે સમે ॥મ્હા૦ ॥ પણ નવિ ત્રોડ્યું તે તાન ॥ ન૦ ॥ તીર્થંકર પદ બાંધીયુ ॥ મ્હા૦ ॥ અદ્‌ભુત ભાવશું ગાન ॥ ન૦ ॥૫॥ નિજ લબ્ધે ગૌતમ ગુરૂ ॥ મ્હા૦ ॥ કરવા આવ્યા તે જાત્ર ॥ ન૦ ॥ જગચિંતામણિ તિહાં કર્યું ॥ મ્હા૦ ॥ તાપસ બોધ વિખ્યાત ॥ ન૦ ॥ ૬ ॥ એ ગિરિ મહિમા મોટકો ॥ મ્હા૦ ॥ તેણે પામે જે સિદ્ધિ ॥ ન૦ ॥ જે નિજ લબ્ધે જિન નમે ॥

મ્હા૦ ।। પામે શાશ્વત ઋદ્ધિ ।। ન૦ ।। ૭ ।। પદ્મવિજય કહે એહના ।। મ્હા૦ ।। કેતાં કરું રે વખાણ ।। ન૦ ।। વીર સ્વમુખે વરણવ્યો ।। મ્હા૦ ।। નમતાં કોડી કલ્યાણ ।। નમીયે નેહશું મ્હારા વાલાજી રે ।। ૮ ।।

## ।। અથ શ્રી સમેતશિખરજીનું સ્તવન ।।

( ક્રીડા કરી આવીયો-એ દેશી )

સમેતશિખર જિન વંદિયે, મોટું તીરથ એહ રે; પાર પમાડે ભવતણો, તીરથ કહીયે તેહ રે ।। સમેત૦ ।।૧।। અજીતથી સુમતિ જિણંદ લગે, સહસ મુનિ પરિવાર રે; પદ્મપ્રભ શિવસુખ વર્યા, ત્રણશે અડ અણગાર રે ।। સમેત૦ ।। ૨ ।। પાંચશે મુનિ પરિવારશું, શ્રી સુપાસ જિણંદ રે; ચંદ્રપ્રભ શ્રેયાંસ લગે, સાથે સહસ મુણિંદ રે ।। સમેત૦ ।। ૩ ।। છ હજાર મુનિરાજશું, વિમલ જિનેશ્વર સિદ્ધા રે; સાત સહસશું ચૌદમા, નિજકાર્ય વર કીધા રે ।। સમેત૦ ।।૪।। એકસો આઠશું ધર્મજી, નવશશે શું શાંતિનાથ રે; કુંથુ અર એક સહસશું, સાચો શિવપુર સાથ રે ।। સમેત૦ ।। ૫ ।। મલ્લિનાથ શત પાંચશું, મુનિ નમી એક હજાર રે; તેત્રીસ મુનિ યુત પાસજી, વરીયા શિવ સુખ સાર રે ।। ૬ ।। સત્તાવીશ સહસ ત્રણશેં, ઊપરે ઓગણપચાસ રે; જિન પરિકર બીજા કેઈ, પામ્યા શિવપુર વાસ રે ।। સમેત૦ ।।

૭॥ એ વીશે જિન એણે ગિરે, સિદ્ધયિ અણસણ લેઈ રે,
પદ્મવિજય કહે પ્રણમીયે; પાસ સામલનું ચેઈ રે ॥૮॥

ઈતિ શ્રી પંડિત પ્રકાંડમુનિવરોત્તંસપદ્મવિજયગણિ
વિરચિત
ચૌમાસી દેવવંદન સંપૂર્ણ.

## શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત
## ચોવીશ જિનેશ્વરના છંદ

ચોપાઈ-

આર્યા બ્રહ્મસુતા ગીર્વાણી, સુમતિ વિમલ આપો બ્રહ્માણી;
કમળ કમંડળ પુસ્તક પાણિ, હું પ્રણમું જોડી ડુગ પાણિ. ૧

**દુહો**

ચોવીશે જિનવરતણા, છંદ રચું ચોસાલ;
ભણતાં શિવસુખ સંપજે, સુણતાં મંગળમાળ.

**છંદ-જાતિ સવૈયા.**

આદિજિણંદ નમે નરઈંદ, સપૂનમચંદ સમાન મુખં,
શમામૃતકદ ટાળે ભવફંદ, મરુદેવી નંદ કરત સુખં;
લગે જસ પાય સુરિંદનિકાય, ભલા ગુણ ગાય ભવિકજનં,
કંચનકાય નહિ જસ માય, નય કહે નમો શ્રી આદિજિનં. ૧
અજિતજિણંદ દયાલ મયાલ, વિશાલ કૃપાલ નયનયુગં,
અનુપમ ગાલ મહામૃગ ચાલ, સુભાલ સુમાનગ બાહુજુગં;
મનુષ્યમેં લીહ, મુનીસરસિંહ, અબીહ નિરીહ ગયે મુગતિ,
કહે નય ચિત્ત ધરી બહુ ભત્તિ, નમે જિનનાથ ભલી જુગતિ. ૨

એહ સંભવનાથ અનાથકો નાથ, મુગતતિકો સાથ મિલ્યો પ્રભુ મેરો,
ભવોદધિપાજ, ગરીબનિવાજ, ભવિ શિરતાજ નિવારત ફેરો;
જિતારરિકો જાત સુસેનામાત, નમે નરજાત મીલી બહુ ઘેરો,
કહે નય શુદ્ધ ધરી બહુ બુદ્ધ, જિનાવનિનાથ હું સેવક તેરો. ૩
અભિનંદન સ્વામ લીએ જસ નામ, સરે સવિ કામ ભવિકતણો,
વિનીતા જસ ગામ નવલકો ઠામ, કરે ગુણગ્રામ નરિંદ ઘણો;
મુનીસરભૂપ, અનુપમરૂપ, અકલ સ્વરૂપ, જિણંદતણો;
કહે નય ખેમ ધરી બહુ પર્મ, નમે નર પાવન મુખ ઘણો. ૪
મેઘ નરિંદ મલ્હાર વિરાજિત,સોવન વાન સમાન તનુ,
ચંદ સુચંદ વદન સુહાવત, રૂપ વિનિર્જિત કામતનું;
કર્મકી કોડ સવિ દુઃખ છોડ, નમે કર જોડી કરી ભગતિ,
વંશ ઈક્ષ્વાકુ વિભૂષણ સાહેબ, સુમતિ જિનંદ ગયે મુગતિ. ૫
હંસપાદ તુલ્ય રંગ રતિ અર્ધ રાગ,
રંગ અઢીસેં ધનુષ ગંગ દેહ કો પ્રમાણ હે;
ઉગતો દિણંદ રંગ લાલ કેસુ ફૂલ રંગ,
રૂપ હે અનંગ ભંગ અંગ કેરો વાન હે;
ગંગકો તરંગ રંગ દેવનાથહિ અભંગ,
જ્ઞાન કો વિશાલ રંગ શુદ્ધ જાકો ધ્યાન હે;
નિવારીએ ક્લેશ સંગ પદ્મપ્રભ સ્વામી ધીંગ,
રીઝીએ સુમતિસંગ પદ્મકેરો ભાણ હે. ૬
જિણંદ સુપાસતણા ગુણ રાસ ગાવે,
ભવિ ભાસ આણંદ ઘણે,
ગમે ભવિ પાસ મહિમા નિવાસ,
પૂરો સવિ આસ કુમતિપણે;

ચિહું દિસે વાસ સુગંધ સુખાસ,
ઉસાસ નિસાસ જિણંદતણો,
કહે નય ખાસ મુનીંદ સુપાસ
તણો જસ વાદ સદૈવ ભણો. ૭
ચંદ્ર ચંદ્રિકા સમાન રૂપ શૈલસેં સમાન,
દોઢસો ધનુષ માન દેહકો પ્રમાણ હે;
ચંદ્રપ્રભુસ્વામી નામ લીજીએ પ્રભાત જામ,
પામીએ સુઠામ ઠામ નામજ સમાન હે;
મહાસેન અંગજાત લક્ષ્મણાભિધાન માત,
જગમાં સુવાસ વાત ચિહું દિશે વાત હે,
કહે નય છોડી તાંત ધ્યાઈ એ જો દિનરાત,
પામીએ તો સુખ સાત દુઃખકો મીટાત હે. ૮
દૂધ સિંધુ ફેન પિંડ ઉજલો કપૂર ખંડ,
ધેનુ ખીરકો સુમંડ શ્વેત પદ્મખંડ હે;
ગંગકો પ્રવાહ પિંડ શુભ શૈલ શુદ્ધ દંડ,
અમૃતરસ કુંડ શુદ્ધ જાકો તુંડ હે,
સુવિધિ જિણંદ સંત કીજીએ કુકર્મ અંત,
શુભ ભક્તિ જાસ દંત શ્વેત જાકો વાન હે,
કહે નય સુણો સંત પૂજીએ જો પુષ્પદંત,
પામીએ તો સુખસંત શુદ્ધ જાકો ધ્યાન હે. ૯
શીતલ શીતલ વાણી ઘનાઘન ચાહતા હે ભવિ કોક કિશોરા;
ચક્ર દિણંદ પ્રજા સુનરિંદ વળી જિમ ચાહતા ચંદ્ર ચકોરા,

વિંધ્ય ગઈંદ શશી સુરઈંદ વળી સતી નિજકંત સુમેઘ મયૂરા,
કહે નય નેહ ધરી ગુણ ગેહ તથા લહુ ધાવત સાહેબ મેરા.૧૦
વિષ્ણુ ભૂપકો મલ્હાર જગ જંતુ સુખકાર,
વંસ કો શૃંગાર હાર રૂપકો અગાર હે;
છોડી સવિ ચિત્તકાર માન મોહકા વિકાર,
કામ ક્રોધકો સંચાર સર્વ વેરી વાર હે;
આદર્યો સંયમભાર પંચ મહાવ્રત સાર,
ઉતારે સંસાર પાર જ્ઞાનકો ભંડાર હે;
અગ્યારમો જિણંદ સાર ખડ્ગી જીવા ચિન્હધાર,
કહે નય વારોવાર મોક્ષકો દાતાર હે. ૧૧
બાલકેશુ ફૂલ લાલ રતિ અર્ધ રંગ લાલ,
ઉગતો દિણંદ લાલ લાલચોળ રંગ હે;
કેસરીકી જીહ લાલ કેસરકો ઘોલ લાલ,
ચુંદડી કો રંગ લાલ લાલ પાન રંગ હે;
લાલ હીરચંચુ લાલ હીંગળો પ્રવાલ લાલ,
કોકીલા કી દૃષ્ટિ લાલ લાલ ધર્મ રંગ હે;
કહે નય તેમ લાલ બારમો જિણંદ લાલ
જયાદેવી માતા લાલ લાલ જાકે અંગ હે. ૧૨
કૃતવર્મ નરિંદતણો એહ, નંદ નમંત સુરેન્દ્ર પ્રમોદ ધરી;
ગમે દુઃખદર્દ દીયે સુખવૃંદ જાકો પદ સોહત ચિત્ત ધરી,
વિમલજિણંદ પ્રસન્ન વદને જાકે, શુભ અંગ સુગંગ પરી;
નમે એક મન્ન કહે નય ધન્ન નમો જિનરાજ સુપ્રીત ધરી. ૧૩

અનંતજિણંદ દેવ દેવમાં દેવાધિદેવ,
પૂજો ભવિ નિત્યમેવ ધરી બહુ ભાવના;
સુરનર સારે સેવ સુખ કીયો સ્વામી હેવ,
તુજ પાખે ઓર દેવ ન કરૂં હું સેવના,
સિંહસેન અંગજાત, સુજસાભિધાન માત,
જગમાં સુજસ ખ્યાત ચિહું દિશે વ્યાપતો,
કહે નય તસ વાત કીજીએ જો સુપ્રભાત,
નિત હોય સુખસાત કીર્તિકોડ આપતો. ૧૪
જાકે પ્રતાપ પરાજિત નિર્બલ ભૂતલ થઈ ભમે ભાનુ આકાશે;
સૌમ્યવદન વિનિર્જિત અંતર શ્યામ વાસી વન હોત પ્રકાશે,
ભાનુ મહીપતિ વંશ કુશેશય બોધક દીપત ભાનુ પ્રકાશે;
નમે નય નેહ નિતુ સાહિબ એડુ, ધર્મજિણંગયે ત્રિજગપ્રકાશે. ૧૫
સોળમા જિણંદ નામે શાંતિ હોય,
ઠામોઠામે સિદ્ધિ હોય સર્વ કામે નામકે પ્રભાવશે;
કંચન સમાન વાન ચાલીશ ધનુષમાન,
ચક્રવર્તિકોભિધાન દીપતો તે સૂરથે;
ચૌદ રયણ સમાન દીપતા નવનિધાન,
કરત સુરેન્દ્ર ગાન પુણ્યકે પ્રભાવથે;
કહે નય જોડી હાથ, અબ હું થયો સનાથ,
પાઈઓ સુમતિ સાથ શાંતિકે દિદારથે. ૧૬
કહે કુંથુજિણંદ મયાલ દયાનિધિ, સેવકની અરદાસ સુણો,
ભવભીમ મહાર્ણવ પૂર અગાહ અથાહ, ઉપાધિ સુનીર ઘણો;

બહુ જન્મજરા મરણાદિ વિભાવ-નિમિત્ત ઘણાદિ ક્લેશ ઘણો;
અબ તારક તાર કૃપાપર સાહિબ, સેવક જાણીને છે આપણો. ૧૭
અરદેવ સુદેવ કરે નર સેવ, સવે દુઃખ દોહગ દૂર કરે,
ઉપદેશ ઘનાઘન નીર ભરે, ભવિ માનસ ભૂરિ તરે,
સુદર્શન નામે નરેશ્વર અંગજ, ભવ્ય મને પ્રભુ જાસ નિવાસે;
તસ સંકટ સોગ વિયોગકુયોગ, દરિદ્ર કુસંગ નાવત પાસે. ૧૮
નીલ કીર પંખી નીલ નાગવલ્લી પત્ર નીલ,
તરુવર રાજિ નીલ, નીલ નીલ દ્રાક્ષ હે,
કાચકો સુરંગ નીલ પાચકો સુગોલ નીલ,
ઈન્દ્રનીલ રત્ન નીલ પત્ર નીલ ચાસ હે,
જમુના પ્રવાહ નીલ ભૃંગરાજ પંખી નીલ,
જેહવો અશોકવૃક્ષ નીલ નીલ રંગ હે,
કહે નય તેમ નીલ રાગથે અતીવ નીલ,
મલ્લિનાથ દેવ નીલ જાકો અંગ નીલ હે. ૧૯
સુમિત્ત નરિંદતણો, વરનંદ સુચંદ વદન સોહાવત હે,
મંદર ધીર સવે નર હીર સુશ્યામ શરીર વિરાજત હે;
કજ્જલ વાન સુકચ્છપ યાન, કરે ગુનગાન નરિંદ ઘણો,
મુનિસુવ્રત સ્વામિતણો, અભિધાન લહે નય માન આનંદ ઘણો. ૨૦
અરિહંત સરૂપ અનોપમ રૂપ છે સેવક દુઃખને દૂર કરે,
નિજ વાણીસુધારસ મેઘ જળે ભાવે માનસ માનસ ભૂરિ ભરે;
નમિનાથ કો દર્શન સાર લહી કુણ વિષ્ણુ મહેશ ઘરેજ ફરે,
અબ માનવ મૂઢ લહી કુણ સક્કર છોડકે કંકર હાથ ધરે. ૨૧
જાદવ વંશ વિભૂષણ સાહિબ નેમિજિણંદ મહાનંદકારી,

સમુદ્રવિજય નરિંદતણો સુત ઉજ્જવળ શંખ સુલક્ષણ ધારી;
રાજુલ નાર મૂકી નિરધાર ગયે ગિરનાર ક્લેશ નિવારી,
કજ્જલકાય શિવાદેવી માય નમે નય પાય મહાવ્રતધારી. ૨૨
પારસનાથ અનાથકો નાથ સનાથ ભયો પ્રભુ દેખત થે,
સવિ રોગ વિજોગ કુજોગ મહાદુઃખ દૂર ગયે પ્રભુ ધાવત થે;
અશ્વસેન નરેશ સુપુત્ત વિરાજિત ઘનાઘન વાન સમાન તનુ,
નય સેવક વંછિત પૂરણ સાહિબ અભિનવ કામ કરીર મનુ. ૨૩
કમઠ કુલંઠ ઉલંઠ હઠી હઠ ભંજન જાસ પ્રતાપ વિરાજે;
ચંદન વાણી સુવામા નંદન પુરિસાદાણી બિરુદ જસ છાજે;
જસનામકે ધ્યાન થકી સવિ દોહગ દારિદ્રદુઃખ મહા સવિ સાંજે,
નય સેવક વંછિત પૂરણ સાહિબ અષ્ટ મહાસિદ્ધિ નિત્ય નિવાજે. ૨૪
સિદ્ધારથ ભૂપ તણા પ્રતિરૂપ નમે નર ભૂપ આનંદ ધરી,
અચિંત્ય સ્વરૂપ અનુપમ રૂપક લંછન સોહન જાસ હરિ;
ત્રિશલાનંદ સમુદ્ર મુકુંદ લઘુપણે કંપિત મેરુગિરિ,
નમે નય ચંદ્રવદન વિરાજિત વીર જિણંદ સુપ્રીત કરી. ૨૫
ચોવીશ જિણંદ તણા ઈહ છંદ ભણે ભવિવૃંદ જે ભાવ ભરે,
તસ રોગ વિયોગ કુજોગ કુભોગ સવિ દુઃખ દોહગ દૂર કરે;
તસ અંગણ બાર ન લાભે પાર સુમતિ તોખાર હેખાર કરે,
કહે નય સાર સુમંગલ ચાર ઘરે તસ સંપદ ભૂરિ ભરે. ૨૬
સંવિજ્ઞજ સાધુ વસંત વિરાજિત શ્રી નયવિમલ જનાનંદકારી,
તસ સેવક સંજમ ધીર સુધીર કે ધીરવિમલ ગણિ જયકારી;
તાસ પદામ્બુજ ભૃંગ સમાન શ્રી જ્ઞાનવિમલ મહાવ્રતધારી;
કહે એહ છંદ સુણો ભવિ વૃંદ કે ભાવ ધરી ભણો નરનારી. ૨૭

ઇતિ ચતુર્વિંશતિ જિન છંદ સંપૂર્ણ.

## ચૌદશનું ચૈત્યવંદન

ચૌદ સ્વપ્ન લહે માવડી, સવિ જિનવર કેરી,
તે જિન નમ્રતા ચૌદ રાજ લોકે ન હોયે ફેરા. ૧
ચૌદ રત્નપતિ જેહના, પ્રણમે પદ આવી,
ચૌદ વિદ્યાના થયા જાણ, સંયમશ્રી ભાવી. ૨
ચૌદ રાજશિર ઉપરે, સિદ્ધ સકલગુણ ઠાણ,
જ્ઞાન વિમલ પ્રભુ ધ્યાનથી, હોયે અચલ અહિઠાણ. ૩

## અનંતનાથ જિન ચૈત્યવંદન

અનંત જિનેશ્વર ચૌદમા, અયોધ્યાએ અવતરીયા;
સિંહસેન કુલ કેસરી, સુજશા ઉરે ધરીયા. ॥૧॥
દેહ ધનુષ પચાસ માન, ગુણ સૂત્રે ભરીયા,
વર્ષ ત્રીશ લાખ આઉખે, શ્રી કેવલ વરીયા... ॥૨॥
સિંચાણો લંછન સાહિએ, કનકવર્ણ પ્રભુ દેહ,
રૂપવિજય કહે સાહિબા, તુજશું અવિહડ નેહ. ॥૩॥

## ચૌદશની સ્તુતિ

ચૌદ સુપન સૂચિત હરિ પૂજિત, સિદ્ધારથ કુલ ચંદાજી,
ચૌદ રયણપતિ નરપતિ વંદિત, ત્રિશલા રાણી નંદાજી,
કેશરીલંછન કંચનવાનિ, સોહે વીરજિણંદાજી,
પાખી પર્વ કહ્યું દિને ચૌદશી, આરાધો સુખકંદાજી ૧

ચઉદશ દશ જિનચંદા વંદો, ભાવધરી ભવિ પ્રાણીજી,

ચૌદશમે ગુણઠાણે ચઢીને, પામ્યા શિવસુખ ખાણીજી,
ચૌદ રાજ ઉપરિ જે પહોંતા, ચૌદશીદિન આરાધોજી,
ચૌદશી તરફ કરતા ભવિજનને, ચૌદ વિદ્યા તે સાધોજી ૨

ચઉદ દેવ મલીને વિરચે, ગઢ ત્રણનું પરિમાણજી,
ચઉદ સહસ મુનિ પરિકર સંયુત, બેસે શ્રી જિનભાણજી,
ચૌદ પૂરવ અર્થ ઉપદિશે, નિસુણે પર્ષદા બારજી,
જીવદયા ચઉદિશી દિને પાળો, પ્રાણી ચઉદ પ્રકારજી ૩

ચઉદ ભુવન વશ કરવા વરવા, શિવરમણી મન હરણીજી,
સિદ્ધાઈદેવી જન સુખકરણી, માતંગયક્ષની ઘરણીજી,
ચઉદશી તપની સાનિધ કરણી, વિશદ વરણ તનુ વરણીજી,
જ્ઞાનવિમલ કહે જિન અનુસરણી, સકલ સંઘ દુઃખ હરણીજી ૪

## અનંતજિન સ્તવન (૧)

ધાર તલવારની સોહિલી દોહિલી, ચઉદમા જિન તણી ચરણ સેવા,
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા. ॥૧॥
એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે,
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિ માંહે લેખે. ॥૨॥
ગચ્છનાં ભેદ બહુ નયણ નિહાળતા, તત્ત્વની વાત કરતા ન લાજે,
ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકાં, મોહ નડિયા કલિકાજ રાજે. ॥૩॥
વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો,
વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફળ, સાંભળી આદરી કાંઈ રાચે. ॥૪॥
દેવ-ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો,
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરી, છાર પર લીંપણો તેહ જાણો. ॥૫॥

પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસો, ધર્મ નહિં કોઈ જગસૂત્ર સરીખો,
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો. ॥૬॥
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે,
તે નરા દિવ્ય બહુકાળ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે. ॥૭॥

## (૨)

ગુણનો ધારક મારા સુખનો કારક, મારા દુઃખનો વારક;
પ્રભુ મારા ભવોદધિ પાર ઉતાર... હો દાદા મારા...
અનંત જિનેશ્વર આપજો પ્રભુ, અક્ષય અનંતી સાથ,
ભવ અટવીમાં મળ્યો પ્રભુ અવિહડ શિવપુર સાથ...
પ્રભુ મારા... ॥૧॥

જ્ઞાન અનંતુ તાહરે પ્રભુ, જ્ઞેય અનંત પ્રકાશ;
દેખ્યા દર્શન ગુણ થકી પ્રભુ, વસ્તુ સામાન્ય અશેષ...
પ્રભુ મારા... ॥૨॥

આપ સ્વરૂપ માંહિ રમો પ્રભુ, અવ્યાબાધ અનંત;
ક્ષાયિક વીર્યનો ધણી પ્રભુ, મહિમાવંત મહંત...
પ્રભુ મારા... ॥૩॥

ધન્ય ધન્ય સિંહસેન તાતને પ્રભુ, ધન્ય ધન્ય સુજસા માત;
નયરી અયોધ્યા વિચરતા પ્રભુ, પવિત્ર કરે કુલ જાત...
પ્રભુ મારા... ॥૪॥

લંછન સિંચાણો છે પ્રભુ, દેહ ધનુ પચાસ;
ત્રીસ લાખ વર્ષનું આઉખું પ્રભુ, પિત્ત વરણ તનુ ખાસ...
પ્રભુ મારા... ॥૫॥

સમેતશિખર ગિરિ ઉપરે પ્રભુ, સાત હજાર મુણીંદ;
ખિમાવિજય જિન પામીયા પ્રભુ, ઉત્તમ સહજાનંદ...
પ્રભુ મારા... ॥૬॥


(૩)

( રાગ : ત્રીશ વરસ ઘરમાં વસ્યા રે )

જ્ઞાન અનંતુ તાહરે રે, દરિશન તાહરે અનંત;
સુખ અનંતમય સાહિબા રે, વીરજ પણ ઉલસ્યુ અનંત,
અનંત જિન આપજો રે, મુજ એહ અનંતા ચાર... (૧)
મુજને નહિ અવરશ્યું પ્યાર, તુજને આપતા શી વાર;
એહ છે તુજ યશની કાર
આપ ખજાનો ન ખોલવો રે, નહિં મલવાની ચિંત;
માહરે પોતે છે સવે રે, પણ વિચે છે આવરણની ભિંત.....
અનંતજિન ॥ ૩ ॥
તપ જપ કિરિયા મોઘરે રે, ભાંજી પણ ભાંગી ન જાય;
એક તુજ આણા લહે થકે રે, હૈયામાં પરહો થાય.....
અનંતજિન ॥ ૪ ॥
માત ભણી મરૂદેવીને રે, જિન ઋષભે દિધ;
આપ પરાયુ વિચારતા રે, ઈમ કિમ વીતરાગતા સિધ.....
અનંતજિન ॥ ૫ ॥
તે માટે તસ અરથીયા રે, તુજ પ્રાર્થના જે કાંઈ લોક;
તેહને આપો આપણી રે, તિહાં ન ઘટે કરવી ટેક.....
અનંતજિન ॥ ૬ ॥
તેહને તેહનું આપવું રે, તિહાં શ્યો ઉપજે છે ખેદ;
પ્રાર્થના કરતા તાહરે રે, પ્રભુતાઈનો પણ નહિં છેદ.....
અનંતજિન ॥ ૭ ॥
પામ્યા પામે પામશે રે, જેહ જ્ઞાનાદિ અનંત
તે તુજ આણાથી સવે રે, કહે માનવિજય ઉલસંત.....
અનંતજિન ॥ ૮ ॥

**પ.પૂ. તપાગચ્છસૂર્ય ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન (પંચ પરમેષ્ઠિના તૃતીય પદે આરૂઢ થનાર) પંન્યાસપ્રવર રત્નશેખર વિજયજી મ. સા. ની પ્રેરણાથી**


- શ્રી શાન્તાક્રુઝ તપાગચ્છ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ- મુંબઈ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - નાગપુર
- શ્રી સાગર જૈન ઉપાશ્રય - પાટણ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન-સમી
- શ્રી સુપાર્શ્વનાથાય શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નખત્રાણા, કચ્છ
- શ્રી ભક્તિ પાર્શ્વનાથ આનંદનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નવાવાડજ, અમદાવાદ.
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - ઉદયપુર
- શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ - ગોદાવરી, અમદાવાદ
- મુનીશ્રી વિદ્યાચંદ્ર વિ. મ. સા. ની પ્રેરણાથી તેમના ૨૫ વર્ષના સંયમ જીવન અનુમોદનાર્થે...
  શ્રી કચ્છ-કોડાય વિશા ઓસવાલ શ્વે. મૂ. પૂ. જૈન મહાજન સંઘ
- ભરતભાઈ ભાઈલાલભાઈ - ગોરેગાંવ, મુંબઈ
- અમેરિકા નિવાસી લીલાવતીબેન વીરચંદભાઈ શાહ પરિવાર


પ.પૂ.આ.વિ. ધર્મસૂરિ મ.સા.
પ.પૂ.આ.વિ. ભક્તિસૂરિ મ.સા.
પ.પૂ.આ.વિ. સુબોધસૂરિ મ.સા.
તપાગચ્છસૂર્ય પ.પૂ. આ.દેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ. નૂતન આચાર્યદેવશ્રી વિજય
રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.

# શુભેચ્છક

પૂ.સા.શ્રી સૂર્યકલાશ્રીજી મ. (સંસારીબેન)
ની પ્રેરણાથી...

સોમાલાલ મણીલાલ પાંચાણી



સ્વ. સુભદ્રાબેન સોમાલાલ પાંચાણી



...ચાણા

ઉષ... ...ાણી

અલ... ...ચાણી

ડીઝાઈન :
જૈનમ્ ગ્રાફીક્સ
અમદાવાદ. ફોન-૨૫૬૨૭૪૫૯, મો. ૯૮૨૫૮ ૫૧૭૩૦